# કબજા પાવતી

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની જોગવાઈ મુજબ ગાંધીનગર શહેરી વિકાસ GHiV//(ઓફ સત્તામંડળ દ્વારા નિર્મિત ટી.પી.સ્કિમ નં.૧૩(વાવોલ) સરકારશ્રીના પત્ર ક્રમાંક: GH/V/83 OF 2019/TPS-162019-2044-L, તા.૧૦/૦૬/૨૦૧૯ થી અંતિમ મંજુર થયેલ છે. સદર અંતિમ ટી.પી.સ્કિમમાં સત્તામંડળને ફા.પ્લોટ નં.૩૧૯ ની ૮૦૩૧.૦૦ ચો.મી. જમીન સામાજીક અને આર્થિક રીતે નબળા વર્ગના રહેણાંક ના હેતુ માટે પ્રાપ્ત થયેલ છે. અધિનિયમની જોગવાઇઓ મુજબ ટી.પી.સ્કિમ અન્વયે સંપ્રાપ્ત થતી જમીનનો ખુલ્લો તેમજ પ્રત્યક્ષ કબજો પ્લાનીંગ શાખા દ્વારા સંભાળી લીધેલ છે. સદર પ્લોટમાં રૂબરૂ સ્થળ તપાસ કર્યા બાદ કોઇપણ બાંધકામ નથી કે કોઈ કાયમી કે હંગામી પ્રકારનો ઉપયોગ થતો નથી, તેથી સદર પ્લોટ નો આજ તા...૨૨/૦૨/૨૦૨૧.. ના રોજ કુલ ૮૦૩૧.૦૦ ચો.મી. ક્ષેત્રફળ ખુલ્લો,પ્રત્યક્ષ તથા દબાણ રહિત કબજો નીચે મુજબની ચતુ: સીમાઓ માપણીશીટમાં દર્શાવ્યા પ્રમાણે તથા આ સાથે સામેલ કબજા કરાર, પાર્ટપ્લાન તથા એફ ફોર્મ મુજબ એસ્ટેટ શાખાને સુપ્રત કરવામાં આવેલ છે.

**ચતુ: સીમા**

પુર્વ :- ૧૨.૦૦ મીટર ટી.પી. રોડ

પચિવ્મ :- અંતિમખંડ નં. ૭૫,૭૬,૩૨૦

ઉત્તર :- અંતિમખંડ નં.૮૦

દક્ષિણ :- ૨૪.૦૦ મીટર ટી.પી. રોડ

માપણી શાખાના સર્વેયરશ્રી

હેડ સર્વેયરશ્રી

..........................................

**કબજો સોંપનાર**

પ્લાનીંગ શાખાના અધિકારીશ્રી / કર્મચારીની સહી

૧. પ્લાનીંગ આસીસ્ટન્ટ

..........................................

૨. સંબધિત વિસ્તારના જે.ટી.પી.શ્રીની સહી

..........................................

**કબજો લેનાર**

એસ્ટેટ શાખાના અધિકારીશ્રી / કર્મચારીની સહી

૧. નાયબ મમલતદારશ્રી

..........................................

૨. મામલતદારશ્રી(એસ્ટેટ) સહી

..........................................

# ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ

GUDA

બ્લોકનં.૧૮, ૪થો માળ, ઉદ્યોગભવન, સેકટર નં.૧૧, ગાંધીનગર ફોનનં.૨૩૨૪૯૦૧૭/૧૮


## ટાઇટલ ક્લીયર સર્ટીફીકેટ

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની મોજે. વાવોલ ની અંતિમ મંજુર નગર રચના યોજના નં.૧૩ (વાવોલ) ના સમુચિત સત્તામંડળને સંપ્રાપ્ત થતા અંતિમ ખંડનં.૩૧૯ ના કબજો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઇ મુજબ, સત્તામંડળને સંપ્રાપ્ત થયેલ છે તથા હાલ તે સત્તામંડળના કબજા હેઠળ છે. વધુમાં સદરહું અંતિમખંડમાં વિકાસ પરવાનગી મેળવેલ છે તથા હાલ ઉપરોકત સંપ્રાપ્ત પ્લોટ પર કોઇ કોર્ટમાં કોઇ દિવાની કે ફોજદારી દાવો ચાલતો હોય તેવી વિગત જાણમાં આવેલ નથી.

ઉપરોકત તમામ હકીકત અમારી જાણ મુજબ તદ્દન સાચી છે.

અધિક કલેક્ટર
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
ગાંધીનગર

D:\Infra Data\Tender File\EWS-II_TPS 13, FP 319_2020-21\Title Clearnce_TPS-13 FP-319.docx